**પ્રવચન નં ૬ ગાથા - ૧ તા. ૧૨-૬-૭૮ સોમવાર જેઠ સુદ-૬ સં.૨૫૦૪**

સમયસાર, પહેલી ગાથા ચાલે છે. ફરીને લઈએ છીએ. ટીકા, ટીકા. અહીં સંસ્કૃત ટીકામાં " અથ " શબ્દ મંગળના અર્થને સૂચવે છે, પહેલો અથ શબ્દ પડયો છે ' અથ ' પ્રથમત એમ શબ્દ પડયો છે સંસ્કૃત. ' અથ ' મંગળના અર્થને એટલે ? સાધક ધર્મની શરૂઆત થાય છે. આહાહા ! ' અથ ' નામ હવે અનંત કાળથી જે સાધક સ્વરૂપ જેનું ભાન નહોતું એવો ચૈતન્ય સ્વભાવ એનો, હવે સાધકપણે શરૂઆત થાય છે. એ જ ' અથ ' નામ નવી શરૂઆત છે. એનું નામ ' અથ ', એ જ મંગળિક છે. આહાહા ! એ તો ' અથ ' સંસ્કૃત ટીકાના શબ્દનો અર્થ થયો.

" હવે ગ્રંથના આદિમાં " પાઠમાં એમ આવ્યું 'તું ગાથામાં, ધ્રુવ અચલ ને અનુપમ પણ અહીંયા અર્થમાં મુખ્ય વંદિતુ સવ્વ સિદ્ધે. એમ જે શબ્દ પડયો છે, એમાંથી વંદિતુનો અર્થ કાઢી અને સર્વ સિદ્ધો, એને મારી પર્યાયમાં સ્થાપું છું અને શ્રોતાની પર્યાયમાં અનંતા સિદ્ધને સ્થાપું છું. આહાહા ! અનંત અનંત સિદ્ધોનું એક તો અસ્તિત્વ સિદ્ધ કર્યુ-ભલે સંસારી પ્રાણી અનંતગુણા હો પણ સિદ્ધ પણ અનંત છે અને તે પણ આદિ વિના છે અનાદિના છે. એમ નથી કે પહેલો સંસાર હતો ને પછી સિદ્ધ થયા. આહાહા ! આવી વસ્તુ સ્થિતિ છે સિદ્ધ થાય એ તો સંસારમાંથી થાય. પહેલો સંસાર અને પછી સિદ્ધ, એમ નહિં. એક વ્યક્તિની અપેક્ષાએ પહેલું પણ સામાન્યની અપેક્ષાએ તો સિદ્ધ અનંત અનાદિથી છે. આહાહા !

જેમ આકાશના અંતનું શું છે માપ ? આહા ! શું ઈ કહેવાય ક્ષેત્ર, ક્ષેત્ર ક્ષેત્રની બેહદ એ શું કહેવાય-એ જેમ ક્ષેત્ર ને સ્વભાવની વાત છે એમ આ સંસારી ને સિદ્ધ બેય સ્વભાવ અનાદિના છે. આહાહા ! કેટલાક પંડિત એમ કહે છે સિદ્ધ કરતાં સંસાર આઠ વર્ષે મોટો, આઠ વર્ષ પછી સિદ્ધ થાય છે ને ! એ તો એક વ્યક્તિની અપેક્ષાએ, સમુચ્ચય અનાદિ અનંત સિદ્ધો પણ છે અને અનાદિ અનંત સંસારી છે. જેમ ક્ષેત્રના અમાપનું માપ જ મગજમાં ન આવે, ક્યાં અલોક અલોક અલોક અલોક અલોક અલોક અલોક અલોક આ ચાલ્યું જ જાય અલોક પછી શું ? પછી, પછી ઈ જ. ( આકાશ ) આહાહા ! જેમ ક્ષેત્રના અમાપની અસ્તિની સિદ્ધિ છે તેમ સિદ્ધ પણ અનાદિના સિદ્ધ છે. આહાહા ! એ કેવા છે સિદ્ધ ?

એ સર્વ સિદ્ધો, એક સિદ્ધ નથી અનંત સિદ્ધો છે, અનંત શબ્દ વાપર્યો નથી, સર્વ સિદ્ધ શબ્દ વાપર્યો છે. આહા ! જે અનંતકાળ, છ મહીના અને આઠ સમયમાં છસેં ને આઠ મુક્તિ પામે તો એ અનંતકાળમાં કેટલો આંકડો થયો ? આહાહા ! એ સર્વ, આહાહા ! અહીં તો બીજું કહેવું છે, એટલા બધા સર્વ સિદ્ધોને હું વંદિતુ શબ્દ છે. એમ કહ્યો છે વંદિતુમાંથી સર્વ સિદ્ધોને મેં મારી પર્યાયમાં સ્થાપ્યા છે એમ કાઢયું, આદર કર્યો. રાગ પર્યાય ભિન્ન રહી ગઈ. મારી જ્ઞાનની પર્યાય ભલે અલ્પજ્ઞ છે, અને શ્રોતાની પણ જ્ઞાનની પર્યાય અલ્પજ્ઞ છે, એ બેયનો ખ્યાલ છે. છતાં એ અલ્પજ્ઞ પર્યાયમાં અનંતા સિદ્ધોને જાણવાની એની તાકાત છે. આહાહા ! ભલે મતિ, શ્રુતજ્ઞાનની પર્યાય હોય તો પણ અનંત સિદ્ધોને જાણવાની તાકાત છે તો અનંત સિદ્ધો છે એનો જ્ઞાનની પર્યાય આદર કરે છે, એટલે કે વંદન કરે છે, એટલે કે પોતાની પર્યાયમાં તેને સ્થાપે છે. એનું નામ વંદન કરે છે એમ કહ્યું. આહાહા !

સર્વ સિદ્ધોને મારી પર્યાયમાં ભાવ સ્તુતિથી અને દ્રવ્ય સ્તુતિથી સ્થાપું છું એમ આવ્યું ને ? છે ને ? ભાવ–દ્રવ્ય સ્તુતિથી એટલે કે મારી પર્યાયમાં, હું મારો આત્મા પૂરણ શુદ્ધ એ આરાધક ને હું આરાધ્ય, હું આરાધ્ય એટલે વસ્તુ, ને આરાધક મારી પર્યાય. નિર્વિકલ્પ સમાધિ, નિર્વિકલ્પ શાંતિ એ આરાધક અને ત્રિકાળી વસ્તુ આરાધવાને યોગ્ય; એવી નિર્વિકલ્પ સમાધિ એનું નામ અહીંયા ભાવસ્તુતિ કહેવામાં આવે છે. આહાહા ! પર્યાયમાં અનંતા સર્વ સિદ્ધો, ભાઈ ! આ સંસાર ભૂલી જાય છે અહીંયા, આહાહા ! રાગેય ભૂલી જાય છે–મારી જ્ઞાન પર્યાયમાં હું, કુંદકુંદઆચાર્યે વંદિતુ કહ્યું એમાંથી અમૃતચંદ્રાચાર્યે એક હજાર વર્ષ પછી આ ભાવ આમાં છે એમ કાઢયું. આહાહા ! " વંદિતુ સવ્વસિદ્ધે " માં ભગવાન કુંદકુંદાચાર્ય એમ કહેવા માગે છે તે હું અર્થ કરું છું. હજાર વર્ષ પહેલા થઈ ગયા.

કેમકે જ્યાં સમ્યગ્દર્શન અને જ્ઞાન ખીલ્યા છે, એ કળા બધાને કળી લ્યે છે. આહા ! એ અહીંયા સીધું, એક તો સર્વ–સિદ્ધ, સિદ્ધ કર્યા એટલે કે કોઈ એક જ આત્મા માનનારા, પવિત્ર થાય એટલે બધા એક જ થઈ જાય છે, એનો નિષેધ કર્યો. ( શ્રોતાઃ જ્યોતમાં જ્યોત ભળી ગઈ ! ) પવિત્ર થઈ ગયા, પરમાત્મા થઈ ગયા પછી જુદા શું રહે ? એમ કહેનારનો નિષેધ કર્યો છે. બાપુ ! દરેક પરમાત્મા અનંતા છે એની સત્તા ભિન્ન ( ભિન્ન ) છે, સર્વ છે, એક છે એમ નહીં. આહાહા ! સર્વ સિદ્ધોને જે સંખ્યાતીત અનંત એ બધા સિદ્ધોને, આહાહા ! મારી અલ્પજ્ઞ પર્યાયમાં એને રાખું છું. આહાહાહા ! મારી પર્યાયની પેટીમાં અનંતા સિદ્ધોને પધરાવું છું. આહાહાહા ! મારી અલ્પજ્ઞ પર્યાયમાં અનંત સર્વ સિદ્ધોને બેસાડું છું. આમંત્રણ કરીને પ્રભુ અહીંયા પધારો. આહાહા ! મારી પર્યાય આપને અહીંયા રાખવા જેવી લાયકાત ( ધરાવે ) છે. આહાહાહા ! ગજબ કામ કર્યું છે. ( અમૃતચંદ્રાચાર્યે અમૃત ભર્યું છે સાક્ષાત ).

વંદિતુ સવ્વ સિદ્ધે ગજબ કામ પ્રભુ. એક તો અનંત સિદ્ધોની સિદ્ધિ કરી. મારા પહેલાં અનંતા સિદ્ધો થઈ ગયા છે, એવા સિદ્ધોને સિદ્ધ કરી અને મારી પર્યાય અલ્પજ્ઞ હોવા છતાં, એમાં અનંતા સિદ્ધોને સ્થાપું એટલી તાકાત છે. મારી પર્યાયની એટલી તાકાત છે કે અનંત સિદ્ધોને રાખી શકે, અનંત સિદ્ધો છે એમ પર્યાય રાખી શકે છે. આહાહા ! સર્વ સિદ્ધોને ભાવસ્તુતિથી પર દ્રવ્ય છે સિદ્ધ માટે તેને એકલો દ્રવ્ય નમસ્કાર થાય છે, એમ નહિં એમ કહે છે. આહાહાહા ! મારો ભાવ નમસ્કાર ભેગો છે. હું શુદ્ધ પૂર્ણાનંદ પ્રભુ એ આરાધવાને લાયક તે હું અને નિર્વિકલ્પ પર્યાયથી આરાધક પણ હું એવી ભાવ સ્તુતિથી મારી પર્યાયમાં સિદ્ધને સ્થાપું છું. આહાહા ! વંદન કરું છું. ગજબ ટીકા છે. આહાહા ! અત્યારે તો આવી ક્યાંય ( જોવા મળતી નથી ) ટીકા, આત્મખ્યાતિ ટીકા ગજબ છે. ભાઈ ! ( એનું સ્પષ્ટીકરણ ગજબ કર્યું છે આપે ) હા, એમાં છે કેટલુંક છેને એમાં. આહાહા ! એવા અનંત સિદ્ધોને મારી અલ્પજ્ઞ પર્યાયમાં એમ હું કહું એમ નહિં, પણ મારી પર્યાય અનંત સિદ્ધને સંઘરી શકે છે, અનંતા સિદ્ધો એટલે અનંતા કેવળજ્ઞાનીઓ, અનંતા સર્વજ્ઞો એક સર્વજ્ઞને કબૂલે તો આંયા તો અનંત સર્વજ્ઞને કબૂલે એવી મારી અલ્પજ્ઞ પર્યાયની તાકાત છે. આહાહા ! ગજબ કામ કર્યું છે ને ! આહા ! હું ભાવ સ્તુતિ ( થી ) તો સ્થાપું છું, પણ વિકલ્પ દ્વારા પણ સ્થાપું છું સિદ્ધને, વ્યવહાર. મારી પર્યાયમાં સ્થાપું છું. આહાહા ! આમ કુંદકુંદાચાર્ય જે પાઠમાં કહે છે તેને અમૃતચંદ્રાચાર્ય, એમાં આ ભાવ ભરેલા

છે તેમ ખોલે છે. આહાહા ! જેમ ભેંસના આઉમાં દૂધ ભર્યું હોય અને બળુકી બાઈ કાઢે, એમ આ પાઠમાં ભાવ ભર્યા છે એ અમૃતચંદ્રાચાર્ય તર્કથી, સ્પષ્ટ તર્કથી તે ભાવને બહાર ખોલે છે. આહાહા ! ( વર્તમાનમેં આપ ખોલતે હૈ ) આહાહા ! એની બલિહારી બાપા !

ભાવ સ્તુતિથી આદર કરું છું, એટલે કે ભાવ સ્તુતિથી પણ મારી પર્યાયમાં નિર્વિકલ્પ દશામાં તેને સ્થાપું છું. આહાહાહાહા ! અને વિકલ્પની દશામાં પણ એ અનંતા સિદ્ધોને હું વંદન, પર તરીકે છે એટલે વંદન કરું છું અને વિકલ્પ છે પણ એ વિકલ્પમાં પણ અનંતા સિદ્ધોને હું સ્થાપું છું. આહાહા ! આવી વાત. આહા ! એક વાત.

ભાવ-દ્રવ્ય સ્તુતિથી પોતાના આત્મામાં, મારા આત્મામાં, આહાહા ! જુઓ તો ખરા મંગળિક કર્યું. અમે સિદ્ધ થવાના છીએ અલ્પકાળમાં હોં એમ કહે છે. અમે અનંતા સિદ્ધોનું પ્રસ્થાનું પર્યાયમાં મૂક્યું. અમે પણ સિદ્ધ ભવિષ્યમાં થવાના છીએ, આહાહા ! તો અનંતા અનંતા અનંતા અનંતા સિદ્ધો, એને નિર્વિકલ્પ દશા દ્વારા અને વિકલ્પ દ્વારા મારી અલ્પજ્ઞ પર્યાયમાં અને રાગમાં એને સ્થાપું છું. આહાહા ! જ્ઞાનમાં તો જાણીને સ્થાપું છું અને રાગમાં, વિકલ્પમાં બહુમાન, બહુમાન આવ્યું તેથી સ્થાપું છું . કારણ રાગ કાંઈ જાણતો નથી. આહાહા ! એવા અનંતા સિદ્ધ ભગવાનને ભાવ દ્રવ્ય સ્તુતિ દ્વારા પોતાના આત્મામાં એક વાત, તથા પરના આત્મામાં, આહાહા ! ગજબ કર્યો પ્રભુ સમયસારે તો. આહાહા !

શ્રોતાની પર્યાયમાં, શ્રોતા ભલે અપ્રતિબુદ્ધ હો હજી અજ્ઞાની છે, છતાં પ્રભુ તું શ્રોતા તરીકે આવ્યો છે ! અમે ક્યાંય સંભળાવવા જતા નથી, પણ શ્રોતા તરીકે સાંભળવા આવ્યો છો. આહા ! આ સ્થિતિને સાંભળવા આવ્યો છો તો તમારી પર્યાયની પણ એટલી લાયકાત અમને લાગે છે કે તે પર્યાયમાં અનંતા સિદ્ધોને અમે સ્થાપીએ છીએ. આહાહાહા ! અને તમારા વિકલ્પ દ્વારા પણ અનંતા સિદ્ધોને તમારી પર્યાયમાં સ્થાપીએ છીએ. આહાહા ! ભાવદ્રવ્ય બેયથી છે ને ! સ્વમાં ને પરમાં બેયમાં ! આહાહાહા ! ઓહોહો ! સિદ્ધને હેઠે ઊતાર્યા છે. સિદ્ધ તો ત્યાં છે. પ્રભુ તમે અમારાથી દૂર ન રહી શકો હવે. આહાહાહા ! અમારી પર્યાયમાં અમે પ્રસ્થાનું મૂકીએ છીએ ને, એનો કાળ આવશે એટલે અમે પૂરણ સિદ્ધ થઈ જશું. એમ અહીંયા તો એટલું જોર આપે છે શ્રોતા માટે પણ, એવા જ શ્રોતાઓને, શ્રોતા તરીકે ગણવામાં આવ્યા છે. આહાહા ! કે જેની અલ્પજ્ઞ પર્યાયમાં પણ સાંભળવા માટે આવ્યા છે સિદ્ધનું સ્વરૂપ અને આત્માનું સ્વરૂપ સાંભળવા આવ્યા છે, તો એની પર્યાયમાં પણ અમે તો અનંતા સિદ્ધને સ્થાપીએ અને એ સ્થાપી શકે છે એવી એની યોગ્યતા જોઈએ છીએ. આહાહાહા !

પરના આત્મામાં સ્થાપીને પ્રભુ પણ પર આત્મા છે એને ને તમારે શું ? બાપુ ! વિકલ્પ ઊઠયો છે ને ! વોચ્છામિ એમ છે ને ! કહીશ એમ થયું ને ! ‘ વોચ્છામિ ’ શબ્દ પડયો છે ને ? કહીશ એમ છે, તો કહીશ કોને ? શ્રોતાને, આહાહા ! હું એને કહીશ. ‘ વોચ્છામિ ’ એનો અર્થ કરશે ભાવાર્થમાં યથા સ્થાને જે શબ્દો આવવા જોઈએ તે સ્થાને શબ્દો આવ્યા છે, એનું નામ પરિભાષણ સૂત્ર કહેવામાં આવે છે, ભાવાર્થમાં આવશે. આહાહા ! આત્મામાં સ્થાપીને. પરના આત્માની પર્યાયમાં સ્થાપીને. એવા જ શ્રોતાઓને લીધા છે. આહાહાહાહા ! કે જેની પર્યાયમાં અનંતા સિદ્ધો સંઘરી શકશે. આહાહા ! એની પર્યાય અનંતા સિદ્ધોને કબૂલશે અને આદર કરશે,

એનો એને આદર કરશે. એવા શ્રોતાઓને શ્રોતા તરીકે ગણ્યા છે. આહાહા ! અને તે શ્રોતાઓ પણ, આહાહાહા ! જ્યારે અનંતા સિદ્ધોને સ્થાપીએ છીએ ને પ્રભુ અમે જેમ સિદ્ધપણાને પામશું એમ એ ટોળી પણ સિદ્ધપણાને પામશે જ. આહાહા ! આહાહાહા !

નહીં પામે એ અહીં કહે ખ્યાલ અમારી પાસે છે જ નહિં. આહાહા ! કહે છે એ શ્લોકમાં આવ્યું છે ને ? અમે દેહ અને આત્માને ભિન્ન બતાવ્યો તો કોણ નહીં માને ? માનશે જ. આહાહા ! આવા અસ્તિત્વનું પૂરણ સર્વજ્ઞ પર્યાયનું અસ્તિત્વ જ્યાં અમે સિદ્ધ કરીને તને સ્થાપીએ છીએ શક્તિમાં તો એ પૂરણ છે અને તું એ શક્તિમાં પૂરણ છો, પણ પ્રગટ થયેલી પર્યાયને તારી –શક્તિમાં નથી, શક્તિમાં છે પણ પર્યાયમાં નથી, એથી પર્યાયમાં અમે સ્થાપીને; તને પર્યાયમાં લક્ષ સિદ્ધનું લઈને અમને સાંભળજે હવે. આહાહા ! તું સિદ્ધનું લક્ષ લઈને સાંભળજે આ. આહાહા ! જરૂર સિદ્ધ થઈશ. આહાહાહા ! ( વર્તમાનકી પર્યાય અલ્પજ્ઞ હૈ ) અલ્પજ્ઞ છે પણ એટલી તાકાત છે કે શ્રોતા તરીકે તું આવ્યો છો, અને અમને સાંભળવા માટે તું આવ્યો છો. તો તારી પર્યાયની અનંતા સિદ્ધોને રાખવાની તાકાત છે તારી પર્યાયમાં. આહાહા ! હું સ્થાપું છું પરની પર્યાયમાં તો એનો અર્થ શું ? તારી પર્યાયની એટલી તાકાત હું જોઉ છું. મારા જ્ઞાનમાં એમ આવ્યું છે કે તારી પર્યાયમાં એટલી તાકાત છે. અને તુશ પણ માનીશ એ પ્રમાણે. આહાહા ! ગજબ કામ કર્યું છે ને ! આ “ વંદિત્તુ સવ્વ સિદ્ધે ” આહાહાહાહા ! વિકલ્પ છે દ્રવ્યથી તો વાત કરી, પણ નિર્વિકલ્પ સહિતનો વિકલ્પ છે. આહાહા ! એમ તને સાંભળનારની પર્યાયમાં પણ અનંતા સિદ્ધોને અમે સ્થાપીએ છીએ તો પ્રભુ તું નહીં રાખી શકે એ પ્રશ્ન જ નથી. આહાહા ! અનંતા સિદ્ધોને પર્યાયમાં સ્થાપીએ છીએ, એટલે તારું લક્ષ અલ્પજ્ઞપણે નહિ રહી શકે. આહાહા ! અનંતા સર્વજ્ઞોને પર્યાયમાં સ્થાપ્યા તો તારું લક્ષ સર્વજ્ઞ ઉપર જશે. અને લક્ષ રાખીને હવે અમારું સાંભળજે. આહાહાહા ! પ્રવીણભાઈ ! આવી વાતો છે. આહાહા ! ભાગ્ય.

અમૃતચંદ્રાચાર્ય હજાર વર્ષ પહેલાં ‘ વંદિત્તું સવ્વસિદ્ધે ’નો અર્થ કરે છે. ક્યાં હજાર વર્ષ પહેલાં કુંદકુંદાચાર્ય થયા, એ પણ પોતે છદ્મસ્થ છે અમૃતચંદ્રાચાર્ય, બાપુ ! છદ્મસ્થપણું ન જુઓ. આહાહા ! અમારો પ્રભુ સર્વજ્ઞ સ્વભાવી અને અમારી પર્યાયમાં અનંતા સર્વજ્ઞોને અમે સ્થાપીને રાખ્યા છે. એ હવે બહાર નહિ જઈ શકે. આહાહા ! અમારો આત્મા સિદ્ધથી બહાર નહિ રહી શકે હવે, આહાહા ! કોણ જાણે શું ભર્યું છે આમાં ! ! એટલી ભરી છે અંદર શક્તિ અને એનો સંગ્ર હ ઓહોહો ! એવા પરના આત્મામાં સ્થાપીને. અહીં સુધી તો હજી આત્મા કહેનાર અને સાંભળનાર બેયના આત્મામાં સ્થાપીને અહીં સુધી વાત કરી.

હવે કહેવું છે શું ? સમય નામનો પ્રાભૃત. કહેવું છે સમય નામનો પ્રાભૃત, પછી સમયનો અર્થ પદાર્થ પણ થાય છે ને મૂળ અર્થ આત્મા થાય છે. આત્મામાં પછી બધા પદાર્થ આવી જાય છે આત્માનું જ્ઞાન થતાં. સ્વનું જ્ઞાન થતાં એમાં પરનું જ્ઞાન એમાં આવી જાય છે. કેમકે એક સમયની પર્યાયમાં છ દ્રવ્યનું જાણવું, એવી પર્યાયની તાકાત છે. જીવની એક સમયની પર્યાયમાં છ દ્રવ્યને, છ દ્રવ્યમાં અનંતા સિદ્ધો, એક સમયની પર્યાયમાં અનંતા સિદ્ધો, અનંતા નિગોદો ને અનંતા પરમાણુઓ, અનંતા સ્કંધો એક સમયમાં પર્યાયમાં જાણવાની શક્તિ છે આહા ! તો એવી એક સમયની પર્યાયની આવી તાકાત છે. આહા ! તો

એવી અનંતી પર્યાયનો ધરનાર ગુણનો ધરનાર પ્રભુ, આહાહા ! એના લક્ષમાં હવે રહીને અમારી વાત સાંભળ કહે છે. આહાહા ! સમજાણું કાંઈ ?

સમય નામના પ્રાભૃતનું ભાવવચન મારા ક્ષયોપશમના જે જ્ઞાનની દશા ઊઘડી છે. એ ઊઘડી દ્વારા હું કહીશ. જ્ઞાન નિમિત્ત છે ને વાણીને વિકલ્પને, પણ જ્ઞાનનું એ ભાવ વચન દ્વારા, ભાવવચન એટલે વિકલ્પ નહીં. અહીંયા ભાવવચન એટલે જ્ઞાનનો વિકાસ જે પર્યાયમાં છે. જે હું સમયસારને કહેવા માગું છું, એનું મને જ્ઞાન છે વિકાસમાં, એ વિકાસથી એને અમે ભાવવચન કહીએ છીએ. આહાહા !

જે કહેવાશે સમયસાર એનું મને અહીં જ્ઞાન છે તો હું કહીશ. તો એ ઉઘડેલા જ્ઞાનને ભાવવચન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ ? કાલ તો ઓલા દાકતરને એ હતા ને એ સમજે નહીં ને એટલે સ્પષ્ટીકરણ વિશેષ ન આવ્યું એક તો માંડ ગુંચાઈ ગયેલા હોય બહારમાં. આહાહા ! આ વાતું બાપા, આ તો નિવૃત્તિની વાત છે તદ્દન. આહાહા. ! એની સાથે એમ કહ્યું કે દ્રવ્યવચન એટલે કે વિકલ્પ આદિ. તો એમાંથી જે પુણ્ય બંધાશે તેમાં અમને ભવિષ્યના ભવમાં સંયોગ બધો ધર્મનો જ મળશે. દ્રવ્ય સ્તુતિ થઈને ? આહાહા ! અમે ભગવાન પાસે, ગણધરો, સંતો પાસે કે વાણી તે સ્થાને જ અમે ભવિષ્યમાં જવાના અમારું પૂરું કરવા, આહાહાહા ! ભાવથી તો વર્તમાન અમે નિર્વિકલ્પ સમાધિથી સ્તુતિ કરીએ છીએ, પણ વિકલ્પથી પણ કરીએ છીએ, કારણકે અમને ખબર છે કે આ ભવમાં સર્વજ્ઞ નથી. આહાહા ! સર્વજ્ઞને સ્થાપીએ છીએ પણ પર્યાયમાં આ ભવે સર્વજ્ઞપણું નહિ થાય, એમ અમને ખબર છે, તેથી વિકલ્પમાંથી એવું પુણ્ય બંધાશે કે જ્યાં સર્વજ્ઞ પરમાત્મા હશે, સમોસરણ હશે, ગણધર હશે, એ વિકલ્પના ફળમાં એવું પુણ્ય બંધાશે ને એવો સંયોગ મળશે. આહાહા !

સ્વભાવની ધારાથી સ્વભાવ પૂર્ણ થશે અને વિકલ્પની ધારાથી પૂર્ણને સમજાવનારના સંયોગ પ્રાપ્ત થશે. આહાહા ! સમજાણું કાંઈ ? આવો માર્ગ છે બાપુ ! અરે ! પરમાત્માના સંતોના પેટ મોટા બહુ. આહાહા ! એની જ્ઞાનકળા, સમકિત કળા, ચારિત્ર કળા એની શું વાતું કરવી ? આહાહા ! એ મુનિરાજ પોતે કહે છે આમ હોં ! અમૃતચંદ્રાચાર્ય કહે છે, હજાર વર્ષ પછી થયેલા, પ્રભુ પણ તમે તો પ્રભુ પાસે ગયા નહતા ને ? કુંદકુંદાચાર્ય તો ગયા હતા, અને જેથી સમકિતની દશા ભલે ક્ષાયિક ન હો, પણ ત્યાં ગયા હતા માટે અપ્રતિહત દશા તો હો, પણ તમે ગયા નહોતા ને ? અમે ભાવ ભગવાન પાસે ગયા છીએ. આહાહા ! અને એમાંથી એ જ્ઞાનની ધારા આવે છે, એ દ્વારા કહેશું. આહાહાહાહા ! મારા વૈભવથી કહીશું એમ કહે છે, પછી કહેશે કે મને કેવળી અને શ્રુતકેવળીએ સંભળાવ્યું છે. નિમિત્તથી કહેશે, ભગવાને અમને સંભળાવ્યું છે, શ્રુતકેવળીઓ હારે ચર્ચા થઈને સાંભળ્યું છે, પ્રભુ ! આહાહા ! અમે એવા એકલા પ્રાણી પંચમઆરાના નથી. પણ અમે ભગવાન પાસે સાંભળ્યું છે. આહાહાહા ! અને સંતો પાસે ને શ્રુતકેવળીઓ પાસે મેં ચર્ચાઓ કરી છે. પ્રભુ મારો આત્મા પંચમકાળમાં ભલે હો પણ આવી સ્થિતિમાં હતો ત્યાંથી આવેલો છે. ( આપનું પણ એમ જ છે સાહેબ ) ગજબ ટીકા છે. આહાહા ! ભાવ અને દ્રવ્યને સ્થાપીને. સમય નામ ભાવવચન ને દ્રવ્યવચનથી પરિભાષણ. પરિભાષણનો અર્થ કરશે, જ્યાં જ્યાં જોઈએ ત્યાં ત્યાં તે સ્થાપન કરવું. શાસ્ત્રનું

રચવું એનું નામ પરિભાષણ, પરિ એટલે સમસ્ત પ્રકારે કહેવું, એટલે જે શૈલીએ, જે પ્રકારે, જે કાળે, જે ક્ષેત્રે કે એને યોગ્ય જે શબ્દો હોય એને રચવા એનું નામ પરિભાષણ. પંચમ આરાના પ્રાણીઓ માટે આંહી કહીએ છીએ અને અમે પંચમઆરામાં છીએ તો એને યોગ્ય પણ પરિભાષણ થશે. આહાહા ! સમજાણું કાંઈ ?

‘ શરૂ કરીએ છીએ. ’ પરિભાષણ કરીએ છીએ એમ નથી કહ્યું, શરૂ કરીએ છીએ જ્ઞાનના વિકાસમાંથી શરૂ કરીએ છીએ કહેવા માટે. આહાહાહા ! અને છદ્મસ્થ છીએ અમે શરૂ કરીએ છીએ. આહાહા ! પણ શરૂ કર્યું એવું એનું પૂરૂં થઈ ગયું, પૂરણ સમયસાર થઈ ગયું. આહાહા ! સમજાણું કાંઈ ? કહેવા વખતે અમે કે અમે શરૂ કરીએ છીએ, શરૂ કરીએ છીએ. આહાહા ! પૂરણ થવું એને માટે કાળ પણ અહીંયા પૂરણ તો થઈ ગયું એને. ૪૧૫ ગાથા ને ટીકા પૂરી થઈ ગઈ. પૂરણ થઈ ગયું. પરિભાષણ શરૂ કરીએ છીએ. જ્ઞાનની ધારામાં અમારે જે કહેવું છે એ અમે ભગવાન પાસે સાંભળ્યું છે, શ્રુતકેવળી પાસે ચર્ચ્યું છે અને અમને પણ અંદરમાંથી પોતાથી પણ ભાસી ગયું છે, એમાંથી શરૂ કરીએ છીએ. આહાહા ! ગજબ કહે છે ! ! કહેશું એમ ન કીધું. પરિભાષણ કરશું, ભાઈ ! પંડિતજી ! ( આચાર્યદેવ કહે છે ) શરૂ કરીએ છીએ, ગજબ વાત કરે છે ને ! શું કરે છે. આહાહા ! પ્રભુ. “ એયત્ત વિહત્તં દાએહં ” એટલું તો કીધું પણ પાછું કીધું જો ‘ જદિ દાએજજ ’ દેખાડવામાં આવે, હું છદ્મસ્થ છું. આહાહા ! મારો નાથ અને તારો નાથ એવા આત્માને કહેવા માટે હું શરૂ કરું છું. પણ જો દેખાડીશને, એયત્ત વિહત્તં દાએહ દેખાડું છું દેખાડું છું. પણ દેખાડીશ તો..... આહાહાહા !

પ્રભુ તું શ્રોતા તરીકે આવ્યો છે, સિદ્ધને સ્થાપ્યા છે, આહાહા ! અનુભવથી પ્રમાણ કરજે. આહાહા ! શરૂ કરીએ છીએ પણ શરૂ કર્યું એ તો પૂરણ થઈ ગયું એમને તો. શ્રી ટોડરમલે શરૂ કર્યું પણ પૂરણ ન થયું. ‘ મોક્ષમાર્ગ પ્રકાશક ’ શરૂ કર્યું પણ પૂરું ન થયું. આ સંત કહે છે કે હું શરૂ કરું છું હજી પણ પુરું થઈ જશે. આહાહા ! શરૂ કરીએ છીએ એમ શ્રી કુંદકુંદાચાર્ય કહે છે, આહાહા ! સંત– આચાર્ય એમ વાણી દ્વારા આમ કહે છે. છે તો બધી વસ્તુ નિર્વિકલ્પ અને નિર્વિકલ્પ દશામાં સિદ્ધો રહ્યા છે, પણ આ રીતે હું વાણી દ્વારા એ રીતે વસ્તુની સ્થિતિનું વર્ણન શરૂ કરું છું. શરૂ કરું છું. આહાહા !

‘ વોચ્છામિ ’ એમ કહ્યું ને ! ભાઈ, એમાંથી આ કાઢયું ( કહ્યું ) શરૂ કરું છું. ‘ વંદિતુ સવ્વ સિદ્ધે ’ સર્વ સિદ્ધોને સ્થાપીને, મારા અને તારા આત્મામાં, ભાવ અને દ્રવ્ય સ્તુતિથી ભાવ અને દ્રવ્ય વચનથી, આહાહાહા ! શરૂ કરીએ છીએ. આહા ! હું કહું છું એમ ન લેતાં શરૂ કરીએ છીએ એમ, ‘ વોચ્છામિ ’ શબ્દ પડયો છે પાઠમાં, હેં ? ( હું કહું છું ) કહું છું. એનો અર્થ અમૃતચંદ્ર આચાર્યે આ કાઢયો. આહાહા ! જે ભાવ છે એ જ કાઢેલો છે હોં કે એ ‘ વોચ્છામિ ’ કહ્યું ભલે પણ એનો અર્થ આ છે. આહાહા ! શરૂ કરું છું. કહેવાનું શરૂ કરું છું. આહાહાહા ! ( ગાથામાં તો ભાવ–દ્રવ્ય વચન નથી ) વિકલ્પ ઉઠયો છે એ દ્રવ્યવચન છે. વિકલ્પ છે ને એ જ દ્રવ્યવચન છે. વાણી તો અસદ્‌ભૂત વ્યવહારનયે દ્રવ્યવચન છે. વિકલ્પ ઊઠે છે એ અંતર્જલ્પ છે. નિર્વિકલ્પતા છે એ તો અંતર શાંતિ સમાધિ છે, ભાવ નમસ્કાર અને ભાવસ્તુતિ છે. આહાહાહા !

એમ શ્રી કુંદકુંદાચાર્યદેવ કહે છે અમૃતચંદ્રાચાર્ય કહે છે કે આમ કુંદકુંદાચાર્યદેવ કહે છે.

આહાહા ! અમૃતચંદ્રાચાર્ય છે ને આ ટીકાકાર, થોડું પણ સત્ય, અંદર હોય એવું હોવું જોઈએ ને ? આહાહા ! આમ શરૂ કરીએ છીએ એમ કુંદકુંદાચાર્ય કહે છે. હેં ! કુંદકુંદાચાર્ય કહે છે કે હું સમયસાર કહીશ એમ કુંદકુંદાચાર્ય કહે છે એમ ન લેતાં શરૂ કરું છું એમ કુંદકુંદાચાર્ય કહે છે. આહાહા ! શબ્દે શબ્દની કિંમત છે અહીં તો, આ તો સંતોની વાણી છે, કેવળીના પેટ ખોલ્યા છે જેણે. આહાહાહા ! પ્રભુ તું પણ મોટો છો તારી વાતેય મોટપ ( મોટી ) છે બાપુ. આહાહા ! તારી પર્યાયમાં સિદ્ધો અનંતને સ્થાપ્યા હવે તારી પર્યાયની મોટપ, દ્રવ્યની તો શું વાત કરવી ! આહાહા ! પણ તારી પર્યાયમાં શ્રોતા ( ની ) આહાહા ! અનંતા સિદ્ધોને જ્યાં સ્થાપ્યા, હવે એને રાગનો આદર રહેશે નહિં.

અલ્પજ્ઞમાં સિદ્ધને સ્થાપ્યા એ અલ્પજ્ઞપણે રહી શકશે નહીં. આહાહા ! એ સર્વજ્ઞ સ્વભાવી ભગવાનની વાત કરશે પ્રભુ ! તો સર્વજ્ઞ સ્વભાવમાં જ તું જઈશ અને સર્વજ્ઞ થઈશ. આહાહા ! નિઃશંક, નિઃસંદેહ એમ જાણ તું. આહાહા ! અમે ભવી હશું કે અભવી ? રહેવા દે એવી વાત, કોણે કીધી તને એ વાત. આહાહા ! ભવી-અભવીનો માર્ગણામાં નિષેધ કર્યો છે. માર્ગણામાં ભવી-અભવી નહીં. આત્મા ભવીયે નથી ને અભવીયે નથી. ભવી હોય તો સિદ્ધમાંય ભવીપણું રહેવું જોઈએ. સિદ્ધમાં ભવીપણું રહેતું નથી. ભવીનો અભાવ છે સિદ્ધપણામાં કારણ કે ભવીની યોગ્યતા હતી તે પ્રગટ થઈ ગઈ હવે ભવીપણું સિદ્ધમાં નથી, અભવી તો છે જ નહિં. પણ સિદ્ધ તો ભવી ને અભવી બેય નથી. આહાહા !

અહીં કહે છે કે જ્યાં અમે વાત કરીએ છીએ ત્યાં તું ભવી અભવીનો પ્રશ્ન જ રાખીશ નહિ, પણ અનંતકાળ થશે મને સિદ્ધ થવામાં એ પણ રાખીશ નહિ. આહાહા ! જેમ સિદ્ધ થવાને સમકિત થયા પછી અસંખ્ય સમય જ જોઈએ, અનંત સમય ન જોઈએ. આહાહા ! તેમ અહીંયા અમે સ્થાપીએ છીએ તો પ્રભુ વિશ્વાસ કરજે, વિશ્વાસ કરજે અંદર કે આ આત્માને આવી વાત સાંભળવા મળી અને અમે જ્યારે સાંભળવાને લાયક છીએ, અને એમાં અનંતા સિદ્ધોને પ્રભુએ અમારામાં સ્થાપ્યા અને અમારી યોગ્યતા દેખીને તેણે સ્થાપ્યા છે. આહાહા ! શ્રોતાઓને સાગમટે નોતરું આપ્યું છે. સાગમટે નોતરું એટલે સમજ્યા ને ? બધા આવજો એમ.

અમારે કાઠીયાવાડમાં સાગમટે નોતરું એટલે આખું ઘર આવજો જમવા, એને સાગમટે નોતરું કહેવાય. કંદોરાબંધ જમવાનું કહે તો તો જુવાનીયા આવે, ને કન્યાનું કહે તો કન્યા આવે. એવા ત્રણ પ્રકાર છે. જમણની વિધિના ત્રણ પ્રકાર છે, છે ને ? ત્રણ છે ને ? ટોળીયા.

અહીંયા સાગમટે નોતરું છે. આહાહા ! પ્રભુ બધા શ્રોતાઓ સિદ્ધ પદને થવાને લાયક છો, હોં તમે બધા. તેથી અમે સિદ્ધને સ્થાપીએ છીએ તમારામાં પ્રભુ. આહાહા ! અને એ વાત અમે શરૂ કરીએ છીએ એટલે કે તારે પણ તે વાત સાંભળવા તૈયારી રાખવી પડશે, શરૂ કરીએ છીએ એટલે પછી થાય ત્યાં સુધી તારે ધ્યાન રાખવું પડશે. આહાહા ! આહાહા !

' એ સિદ્ધ ભગવંતો, ' હવે જે સિદ્ધ સ્થાપ્યા, પોતાની પર્યાયમાં અને શ્રોતાના- સામાના આત્માની પર્યાયમાં, જે સિદ્ધને સ્થાપ્યા, " એ સિદ્ધ ભગવંતો સિદ્ધપણાને લીધે સાધ્ય જે આત્મા, " પોતાનો આત્મા સાધ્ય છે એના સ્થાનમાં સિદ્ધ છે. સિદ્ધ પણ સાધ્ય છે જેમ આત્મા સાધ્ય છે તેમ, સિદ્ધપણું સાધવું છે, એમ અહીંયા આત્મા સાધવો છે, એ આત્મા સિદ્ધને સાધવો છે. સિદ્ધપણાને

લીધે સાધ્ય જે આત્મા તેના પ્રતિસ્થાને છે. સિદ્ધપણાને લીધે સાધ્ય આત્માના પ્રતિચ્છંદ પ્રભુ પૂરણ તમે છો, તો સામે પ્રભુ તું પૂરણ છો. પ્રતિચ્છંદ ( પડઘો ) સામો અવાજ ધ્વનિ સામે ઘડાકા મારે છે. આહાહા ! પૂરણ તમે આનંદના નાથ છો. તો અવાજ સામો આવે છે પ્રતિચ્છંદ, પૂરણ અનંત આનંદના નાથ તમે છો; આહાહા ! જેટલા સિદ્ધને માટે વિશેષણો કહેવામાં આવે એનો સામો અવાજ ધ્વનિ ઊઠે છે, પ્રતિધ્વનિ કે તું તેવો જ છો. આહાહા ! સમજાણું કાંઈ ?

" સિદ્ધ ભગવંતો, સિદ્ધપણાને લીધે, સિદ્ધપણાને લીધે, પૂરણ સિદ્ધ થઈ ગયા છે ને એને લીધે સાધ્ય જે આત્મા તેના પ્રતિસ્થાને છે. આત્મા સાધ્ય છે તેના પ્રતિસ્થાને સિદ્ધ છે. જેમના સ્વરૂપનું સંસારી ભવ્ય જીવો, જેમના સ્વરૂપનું, જેમના સ્વરૂપનું સંસારી ભવ્ય જીવો, અભવ્ય કાઢી નાખ્યા, આહાહા ! ચિંતવન કરીને– અંદરનું ધ્યાન કરીને. આહાહાહા ! સંસારી ભવ્ય જીવો જેમના સ્વરૂપનું ચિંતવન કરીને, જેવા સિદ્ધ છે એવો જ હું છું. આહાહા ! મારી જાતમાં અને પ્રભુની જાતમાં ફેર નથી, આહાહા ! એમ ચિંતવન કરીને સિદ્ધને પોતાના આત્મામાં ચિંતવન કરીને તે સમાન પોતાના સ્વરૂપને ધ્યાવીને, સિદ્ધ સમાન. પોતાના સ્વરૂપનું ધ્યાન કરીને, જોયું ? મૂળ તો અહીં પાછું લઈ જવું છે. ચિંતવન ભલે એના સ્વરૂપનું પણ મૂળ તો પાછું અહીંયાં લઈ જવું છે, તે સમાન પોતાના સ્વરૂપને ધ્યાવીને, આહાહા ! જેમ બાળક પોતાની માતાને ધાવે છે એમ આનંદનું ધ્યાન કરીને ધ્યાવીને. આહાહા ! છે ? પોતાના સ્વરૂપને ધ્યાવીને પોતાના સ્વરૂપને ધ્યાવીને. આહાહા ! સ્વરૂપને ધ્યેય બનાવીને, ધ્યાનમાં ધ્યાવીને. આહાહા ! સ્વરૂપને ધ્યાનમાં ધ્યેય બનાવીને, ધ્યાનમાં ધ્યાવીને, એનો રસ લઈને, આહાહાહાહા ! તેમના જેવા થઈ જાય છે. તેમના જેવા થઈ જાય છે. અહીં ન થાય એનો પ્રશ્ન અહીં છે જ નહિ. આહાહા !

સિદ્ધનું ધ્યાન, આત્મા સાધ્ય તેના પ્રતિચ્છંદના સ્થાને છે જેવા તમે સિદ્ધને કહેશો એવો જ તમારો આત્મા છે. એવા આત્માને સિદ્ધના સ્વરૂપનું ચિંતવન કરી પહેલું, પહેલું ચિંતવન પછી અંદર ધ્યાન કરીને આમ. અંતરના પૂરણ સ્વભાવને ધ્યાવીને, આહાહા ! ધ્યાવીને એટલે ધ્યાનમાં તેના આનંદને લઈને. માતાના આંચળમાંથી જેમ બાળક દૂધ પીવે એમ આત્માના અંદર આનંદમાંથી તે ધ્યાવીને, આનંદને પીને. આહાહા !

એક જણો કહે કે આ સમયસાર હું ૧૫ દિવસમાં વાંચી ગયો 'તો તમે બહુ વખાણ કરો છો બાપુ ! પણ હું ૧૫ દિવસમાં વાંચી ગયો. એ ભાઈ ! એની એકેક કડી ભાઈ બાપા ! ( વાંચી ગયો 'તો, સમજ્યો નહતો ) સમજે શું ધૂળ ? પણ એમ કહે, તમે સમયસારના બહુ વખાણ કરો છો, હું વાંચી ગયો. બાપા અંગ્રેજીના શબ્દો એ–બી. એ–બી એમ કરીને વાંચી ગયો. પણ બાપુ, એની એકેક કડી, એકેક ગાથા બાપુ, આ તો સંતોની અમર વાણી છે. અમૃતવાણી– અમર થવાની વાણી છે. એ વાણી અફર છે–એમ તમને અફરપણું, સિદ્ધપણું થાય એવી આ અફર વાત છે, શ્રોતાઓને એમ કહે છે. આહાહાહા !

તે સમાન પોતાના સ્વરૂપને, જોયું ? સિદ્ધ સમાન પોતાના સ્વરૂપને ધ્યાવીને, આહાહાહા ! તેમના જેવા થઈ જાય છે. સિદ્ધ જેવા થઈ જાય છે. ( શ્રોતાઃ પર્યાયમાં ) આહાહા ! જે સિદ્ધનું ચિંતવન કરે એને વંદન અમે કેમ કર્યું, એનો આદર કેમ કર્યો કે એનું ધ્યાન, ચિંતવન કરીને એના

આત્માનું ધ્યાન કરીને એના જેવા થઈ જાય છે માટે " વંદિત્તુ સવ્વસિદ્ધે " સિદ્ધોને આત્મામાં સ્થાપ્યા એને વંદન કર્યું એમ કહેવામાં આવે છે. આહાહાહા ! ગજબ વ્યાખ્યા છે ને !!

' ચારેય ગતિઓથી વિલક્ષણ, ' આહાહા ! ચારેય ગતિ દુઃખરૂપ છે ભાઈ ! મનુષ્ય ગતિ, સ્વર્ગ ગતિ પણ દુઃખરૂપ છે, પરાધીન છે. જે સિદ્ધના સ્વરૂપને, તારી પર્યાયમાં સ્થાપ્યા અમારી પર્યાયમાં સ્થાપ્યા, એનું સિદ્ધનું ચિંતવન કરીને સ્વરૂપ મારું એવું છે, એવું અંતર આત્માનું ધ્યાન કરીને, સિદ્ધ ગતિને પામશે જ. આહાહા ! ચારે ગતિઓથી વિલક્ષણ- ચાર ગતિમાં એનું કાંઈ લક્ષણ મળે એવી ચાર ગતિ નથી, એનાથી વિ-લક્ષણ છે. સિદ્ધની ગતિ એ તો કોઈ વિ-લક્ષણ છે. આહાહા ! વિપરીત લક્ષણ એમ નહિં, પણ કોઈ જુદી જાતનું વિલક્ષણ છે. આહાહા ! અરે ! આ વાત કેવળી પરમાત્મા, જિનેન્દ્રદેવ ત્રિલોકનાથ, કહેશે અમે એની પાસે સાંભળીને અહીં આવ્યા છીએ. આહાહા !

પ્રભુ બિરાજે છે ( સીમંધરનાથ ! ) આહાહા ! એમની પાસે અમે સાંભળ્યું છે, કંઈક શંકા આદિ હોય તો શ્રુતકેવળીઓ પાસે ચર્ચા કરીને અમે સમાધાન કર્યાં છે. આહાહા ! એ અમે આ ત્રિલોકનાથનો સંદેશો તને સંભળાવીએ છીએ, આહાહા ! સાંભળનારાઓને કહે છે, સિદ્ધને કેમ અમે સ્થાપ્યા અને વંદન કેમ કર્યું ? ભાવ દ્રવ્ય સ્તુતિ કેમ કરી ? કે એનું ચિંતવન કરી અને એના સ્વરૂપ જેવું, મારું સ્વરૂપ છે. એમ અંતરમાં ધ્યાન કરીને, ધ્યાવીને સિદ્ધ જેવા થઈ જાય છે. આહાહા ! અને એ સિદ્ધ, ચાર ગતિથી વિલક્ષણ છે. છે ? " પંચમગતિ મોક્ષ તેને પામે છે. " ચારેય ગતિઓથી વિલક્ષણ. આહાહા ! એવી જે પંચમગતિ, એ પણ એક છે તો ગતિ, સિદ્ધ પણ એક ગતિ છે, પર્યાય છે, દ્રવ્ય ગુણ નહિં. દ્રવ્ય ગુણ તો ત્રિકાળ છે, આ તો પંચમ ગતિને પામે છે. એમ છે ને ? પર્યાયને પામે છે. પૂર્ણ મોક્ષ દશાને પામે છે. આહાહા ! પંચમ ગતિ એવો જે મોક્ષ એને પામે છે. એટલે કે એ સિદ્ધ પર્યાયને પામે છે. જેવું તારું સ્વરૂપ સિદ્ધ જેવું છે એ પર્યાયમાં તને સ્થાપ્યું, એનું ચિંતવન કરી, સ્વરૂપનું ધ્યાન કરી, પંચમગતિ, મોક્ષને એ પણ એક ગતિ પર્યાય છે, પામે છે, મોક્ષ ગતિની પર્યાયને તેઓ પામે છે. મોક્ષ કોઈ ગુણ નથી, ગુણ ને દ્રવ્ય તો ત્રિકાળ છે, પામે છે એ પર્યાય હોય. આહાહા ! પંચમ ગતિ એવી મોક્ષ તેને પામે છે-

હવે પહેલાં જે વિશેષણ આપ્યા હતા અંદર ધ્રુવ, અચલ ને અનુપમ ગાથાના અર્થમાં, ગાથાના અર્થમાં પહેલાં આપ્યા 'તા વિશેષણ, એ વિશેષણ હવે આપે છે ટીકામાં-કે એ મોક્ષ ગતિ છે કેવી ? જે મોક્ષ પર્યાય પામે છે, નવી પામે છે, હતી નહિં, નહોતી, શક્તિરૂપે સિદ્ધ હતું. પણ મોક્ષની પર્યાયરૂપે નહોતી કોઈ દિ ' અભૂતપૂર્વ, ( અર્થાત્ ) પૂર્વે નહિ થયેલી, એવી મોક્ષ પર્યાયને પામશે જ-પામશે. આહાહા ! તે મોક્ષ ગતિ કેવી છે. આહાહા ! એની વિશેષ વાત કરશે.

( પ્રમાણ વચન ગુરુદેવ )